# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 12-04-2025** **Evening : 7.10 to 7.20**
**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

---

1) મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આણંદ અને ખેડા જિલ્લામાં વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું

2) રાજ્ય સહિત સમગ્ર દેશભરમાં ચૈત્રી પૂર્ણિમા અને હનુમાન જન્મોત્સવની ભક્તિભાવપૂર્વક ઉજવણી

3) જાણીતા ભારતીય કથક નૃત્યાંગના કુમુદિની લાખિયાનું 95 વર્ષની વયે અવસાન

4) આગામી 24 કલાકમાં રાજ્યમાં તાપમાનમાં 2 થી 3 ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થવાની આગાહી

5) IPLમાં ગુજરાત ટાઈટન્સે લખનઉ સુપર જાયન્ટ્સને જીતવા 181 રનનો લક્ષ્યાંક આપ્યો

---------------------------------------------------------------------------------

(હવે પછી આપ 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# CM ANAND-KHEDA

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે આણંદ અને ખેડા જિલ્લામાં વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું હતું. તેમણે આણંદ જિલ્લાના પેટલાદ ખાતે નડિયાદ-પેટલાદ-ખંભાત માર્ગ પર 31 કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થયેલા 'સરદાર વલ્લભભાઈ પટેલ રેલવે ઓવરબ્રિજનું લોકાર્પણ કર્યું. આ અગાઉ શ્રી પટેલે ખેડા જિલ્લાના મહેમદાવાદમાં પૂજ્ય રવિશંકર મહારાજ હોલ સહિત અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ-ઔડાના 142 કરોડ રૂપિયાના પ્રકલ્પોનું લોકાર્પણ તથા 105 કરોડ રૂપિયાના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કર્યું હતું.

(બાઇટ: ભૂપેન્દ્ર પટેલ – મુખ્યમંત્રી)

આ પ્રસંગે શ્રી પટેલે ખેડા જિલ્લાના વિકાસની ઝાંખી કરાવતી પુસ્તિકા ‘વિકાસ વાટિકા-2025’નું પણ વિમોચન કર્યું હતું.

. . . . . . . . . . . . .

# SURAT NITYANAND RAI

કેન્દ્રીય ગૃહ રાજ્ય મંત્રી નિત્યાનંદ રાયે જણાવ્યું , ગુજરાતમાં વેપારની અદ્યતન વ્યવસ્થા છે. સુરતની મુલાકાતે આવેલા શ્રી રાયે જણાવ્યું કે બિહારના લોકોને સુરતમાં જે સન્માન મળ્યું તે બિહારની ઉન્નતિમાં સહભાગી થયું છે. બિહારના લોકોને સુરતે રોજગારી આપી છે.

(બાઇટ: નિત્યાનંદ રાય – કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રી)

. . . . . . . . . . . . .

# HANUMAN JAYANTI

રાજ્ય સહિત સમગ્ર દેશભરમાં ભગવાન હનુમાનજીના જન્મોત્સવની ભક્તિભાવપૂર્વક ઉજવણી કરાઇ રહી છે. બોટાદ જિલ્લાના સુપ્રસિદ્ધ યાત્રાધામ શ્રી કષ્ટભંજન દેવ હનુમાનજી મંદિરે 251 કિલોની કેક કાપી ઉજવણી કરાઇ છે. સાંભળીએ એક અહેવાલ..

(વોઇસ કાસ્ટ: પ્રકાશ ભિમાણી)

નવસારી જિલ્લાના અમારાં પ્રતિનીધી અશોક પટેલ જણાવેછે કે વાંસદા તાલુકાના રાણીફળિયા ખાતે આવેલા ગુરૂકુલ વિદ્યાલયમાં વિદ્યાર્થીઓ દ્વારા હનુમાન ચાલીસાનો પાઠ કરવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓને હનુમાનજીના લોકેટ ભેટ અપાયા હતા.

જામનગર જિલ્લાના અમારાં પ્રતિનીધી જગત રાવલ જણાવે છે કે બાલા હનુમાન સંકીર્તન મંદિરે વહેલી સવારથી જ ભક્તોની લાંબી કતાર જોવા મળી હતી, મંદિરમાં અન્નકૂટ ધરાવાયો હતો અને મહાઆરતી પણ કરવામાં આવી હતી.

દેવભૂમિ દ્વારકા જિલ્લાના અમારાં પ્રતિનીધી કૌશિક જોશી જણાવે છે કે બેટ દ્વારકા ટાપુ પર આવેલ પ્રસિદ્ધ દાંડી હનુમાન મંદિરે હનુમાન જ્યંતીની ઉજવણી ધામધૂમ પૂર્વક કરાઈ.

છોટાઉદેપુરનાં અમારાં પ્રતિનીધી રાજેશ રાઠવા જણાવેછે કે ઝંડ હનુમાનજી મંદિરે ચૈત્રી પૂનમનાં દિવસે સુંદર કાંડ, હવન અને મહા આરતી, જેવા ધાર્મિક કાર્યક્રમ સહિત મેળાનું આયોજન કરાયું છે.

દરમિયાન અરવલ્લી જિલ્લામાં સાકરિયા ખાતે ભીડભંજન હનુમાનજી મંદિરે સવારથી જ ભક્તોની ભારે ભીડ જામી છે , જ્યારે મોડાસા તાલુકાના નાંદીસણ ગામે રોકડિયા હનુમાન મંદિર ખાતે હનુમાન જયંતિની સાથે મંદિરના પ્રથમ પાટોત્સવની ભવ્ય ઉજવણી કરાઈ હતી.

મહીસાગર જિલ્લાનાં વીરપુર ખાતે પણ ઉજવણી કરાઈ. જેમાં કોમી એકતાનાં દર્શન થયાં.

. . . . . . . . . . . . .

# CHATRI PURNIMA

રાજ્યમાં ચૈત્રી પૂર્ણિમા નિમિતે વિવિધ મંદિરોમાં ધામધૂમથી ઉજવણી કરવામાં આવી રહી છે

સાબરકાંઠા જિલ્લાના અમારાં પ્રતિનીધી યોગેશ સથવારા જણાવેછે કે આજે વહેલી સવારથી જ ખેડબ્રહ્મા અંબાજી મંદિરે મોટી સંખ્યામાં ભક્તો ઉમટી પડ્યા હતા. 'બોલ મારી અંબે જય જય અંબે 'ના નાદથી સમગ્ર મંદિર પરિસર ગૂંજી ઉઠ્યું હતું.

દ્વારકા જીલ્લાના અમારાં પ્રતિનીધી કૌશિક જોશી જણાવેછે કે યાત્રાધામ દ્વારકા ખાતે ચૈત્રી પુર્ણિમાના પવિત્ર દિવસે ભક્તોએ ગોમતી નદીમાં સ્નાન કર્યા બાદ દ્વારકાધીશના દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

સુરેન્દ્રનગર જિલ્લાના અમારાં પ્રતિનીધી દિનેશ પરમાર જણાવેછે કે ચૈત્રી પૂનમે માતા ચામુંડાના દર્શન કરવા યાત્રાધામ ચોટીલા ખાતે માઈ ભક્તો ની ભીડ જામી હતી.

. . . . . . . . . . . . .

# KUMUDINI LAKHIA

જાણીતા ભારતીય કથક નૃત્યાંગના કુમુદિની લાખિયાનું આજે વહેલી સવારે 95 વર્ષની વયે અવસાન થયું. તેમને તાજેતરમાં જ પદ્મ વિભૂષણ પુરસ્કાર જાહેર કરાયો હતો. તેમનો જન્મ 17 મે 1930ના રોજ થયો હતો. તેમણે 1967માં અમદાવાદમાં કદમ્બ સ્કૂલ ઑફ ડાન્સ એન્ડ મ્યુઝિકની સ્થાપના કરી હતી જે ભારતીય નૃત્ય અને સંગીતને સમર્પિત એક સંસ્થા છે. કથક ક્ષેત્રે નવતર પ્રયોગોનો શ્રેય તેમના ફાળે જાય છે.

. . . . . . . . . . . . .

ડેસ્ક – મયુર -- JAYESH G..

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

# WEATHER

આગામી 24 કલાકમાં રાજ્યમાં તાપમાનમાં 2 થી 3 ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થવાની આગાહી છે. જોકે હવામાન વિભાગના જણાવ્યા અનુસાર 24 કલાક પછી ફરી 2 થી 4 ડીગ્રીનો વધારો થશે. 15 થી 17 એપ્રિલ દરમ્યાન કચ્છ , બનાસકાંઠા અને સાબરકાંઠામાં યલો એલર્ટ જાહેર કરાયું છે. દરિયાકાંઠાના વિસ્તારોમાં ગરમ અને ભેજવાળું વાતાવરણ રહેશે તેમ હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે જણાવ્યું હતું.

(બાઇટ: રામાશ્રય યાદવ – વૈજ્ઞાનિક)

. . . . . . . . . . . . .

# BJP KARYASHAALA

ભાજપના અનુસૂચિત જાતિ મોરચાના અધ્યક્ષ લાલસિંહ આર્યએ કહ્યું , ભાજપ ડૉ.બાબાસાહેબ આંબેડકર સન્માન અભિયાનને વેગવાન બનાવશે. ગાંધીનગર કમલમ કાર્યાલય ખાતે યોજાયેલી કાર્યશાળા અંગે માહિતી આપતા શ્રી આર્યએ જણાવ્યું, ભાજપ દેશભરમાં 14થી 24 એપ્રિલ દરમિયાન વિવિધ કાર્યક્રમો દ્વારા ડૉ.બાબાસાહેબ આંબેડકરના વિચારો લોકો સુધી પહોંચાડશે. ભાજપ બુથ લેવલે વિચાર ગોષ્ઠિનું આયોજન કરશે.

. . . . . . . . . . . . .

# BHARUCH POSHAN PAKHVADA

ભરૂચના અંકલેશ્વરમાં પોષણ પખવાડિયાની ઉજવણીમાં કિશોરીઓ , ધાત્રી માતાઓ, ગર્ભવતી મહિલાઓ તેમજ બાળકો ઉત્સાહથી ભાગ લઇ રહ્યા છે. જે અંતર્ગત પોષણક્ષમ આહાર પણ ઘરે ઘરે પહોંચાડવવામાં આવી રહ્યો છે. આ અંગે ઇન્સ્ટ્રક્ટર સોનલબેન ઠક્કરે વધુ માહિતી આપી.

બાઈટ: સોનલબેન ઠક્કર (ઇન્સ્ટ્રક્ટર)

. . . . . . . . . . . . .

# GANDHINAGAR, PLASTIC WEST

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા સિંગલ યુઝ પ્લાસ્ટિકનો વપરાશ કરતા વેપારીઓ સામે કાર્યવાહી હાથ ધરવામાં આવી. જેમાં 103 વેપારીઓ પાસેથી ૪૭ હજાર રૂપિયા અને ગંદકી કરતા 28 એકમો પાસેથી 10 હજાર 750 વહીવટી ચાર્જ વસૂલ કરવામાં આવ્યો. આ કાર્યવાહીમાં મહાનગરપાલિકા દ્વારા 150 થી વધુ એકમો પાસેથી 58 હજારથી વધુ વહીવટી ચાર્જ વસૂલવામાં આવ્યો છે

. . . . . . . . . . . . .

# MORBI TRAFIK DRIVE

મોરબી જિલ્લા પોલીસે 422 વાહનનું ચેકિંગ કરી ટ્રાફિક નિયમોનો ભંગ વાહનચાલકોને 45 હજાર 300 રૂપિયાનો દંડ કર્યો છે. મોરબી જિલ્લાના અમારા પ્રતિનિધિ જણાવે છે કે આ ટ્રાફિક ઝુંબેશ દરમિયાન નંબર પ્લેટ વગરના 19 , સામાન ભરેલ વાહનમાં તાડપત્રી લગાવેલ ના હોય તેવા 12 , લાયસન્સ ન હોય તેવા 23 કેસ નોંધાયા હતા. જ્યારે રોંગ સાઈડ તથા પૂરઝડપે વાહન ચલાવનાર 7 અને વાહન અડચણરૂપ પાર્ક કરેલ તેવા 3 ચાલકો વિરુદ્ધ ગુનો નોંધાયો હતો.

. . . . . . . . . . . . .